અખીલ ભારતીય પ્રાથમિક શિક્ષણ સંઘના પાંચ મુદ્દાને લઈને બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણ સંઘના ધરણાં

છેલ્લા કેટલાક સમયથી બનાસકાંઠા જિલ્લાના શિક્ષણ સંઘ દ્વારા પોતાની પડતર માંગણીઓ લઈને આંદોલન ચલાવી રહ્યા છે, પરંતુ સરકાર દ્વારા કોઈજ ઉકેલ લાવવામાં ના આવતાં આજે ડીસા તાલુકા શિક્ષણ સંઘ દ્વારા ડીસા મામલતદાર કચેરીની સામે ધરણાં યોજાયા હતા અને સરકાર સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. જ્યારે પોતાની પડતરની માંગણીને લઈને ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. સરકાર દ્વારા ભારતના ભવિષ્યને શિક્ષણ આપતા શિક્ષકોની સતત અવગણના કરવામાં આવી રહી છે. ડીસા તાલુકાના શિક્ષણ વિભાગ સ્ટાફની ઘટ જોવા મલી રહી છે, જેથી શિક્ષકોને ભારે મુશ્કેલ ઉભી થઈ રહી છે. સરકારને બીજા ખર્ચાઓ કરવા ગ્રાન્ટ છે પરંતુ સ્ટાફની ભરતી કરવાની ગ્રાન્ટ કેમ નથી આવા સવાલો સરકાર પાસે કરવામાં આવ્યા હતા. ડીસા તાલુકાના ૨૫૦થી વધુ પ્રાથમિક શાળાના ૨૫૦થી ૩૦૦ શિક્ષકો દ્વારા આજે ધરણાંમાં જોડાયા હતા અને સરકારને ચિમકી ઉચ્ચારી હતી કે અમારી માંગ સ્વીકારવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે, જ્યારે આજના ધરણાં કાર્યક્રમમાં જોડાયેલા કેટલાક શિક્ષકો દ્વારા પાન મસાલા ગુટખા તથા તમાકુની ચુસકી મારતાં નજરે પડ્યા હતા. જ્યારે શનિવારની જાહેર રજા હોઈ ધરણાં કાર્યક્રમ કરવામાં આવતા કેટલાક શિક્ષકો નારાજ પણ દેખાયા હતા.

મોડાસા-હિંમતનગર રોડ પર બે જુદા-જુદા ગમખ્વાર અકસ્માતમાં ૧ સગર્ભા મહિલાનું મોત

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી બેફામ વાહનો હંકારી વારંવાર અકસ્માત સર્જી નિર્દોષ લોકોનો ભોગ લઈ રહ્યા છે. ખંભીસર ગામ નજીક ટ્રેક્ટર ચાલકે ખેતમજુર પરિવારને અડફેટે લેતા સગર્ભા મહિલાનું ઘટનાસ્થળે પતિ અને દીકરીની આંખો સામે કમકમાટી ભર્યું મોત નિપજતા ટ્રેક્ટર ચાલકની ભૂલના ભોગે ખેતમજુર પરિવાર પીંખાઈ ગયો હતો. આ અકસ્માતમાં એક સગીર અને અન્ય મહિલા ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અન્ય એક અકસ્માત ખુમાપુર-કાબોલા નજીક સર્જાયો હતો જેમાં ઈકો વાન પલ્ટી જતા ૭ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

શનિવારે સાંજના સુમારે મોરમહુડી (દાહોદ) ગામના અને ખંભીસર ગામમાં ખેતમજુર તરીકે પરિવાર સાથે જીવનનિર્વાહ ચલાવતા પરિવાર પર ટ્રેક્ટર ફરી વળતા મહિલાનું મોત નિપજતા હાહાકાર મચ્યો હતો. ખેતમજૂરી કરી હિંમતનગર-મોડાસા રોડ પરથી પરત ફરતા સમયે હિંમતનગર તરફથી આવતા ટ્રેક્ટરના ચાલકે ખેતમજુર પરિવારને અડફેટે લેતા સુરપાબેન સંજયભાઈ મુનિયા(ઉં.વર્ષ-૨૯)નું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. સુરેશ દિનેશભાઈ મુનિયા અને સુરાતાબેન ઈશ્વરભાઈ મુનિયાના શરીરે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલ મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાની લાશને પીએમ માટે ખસેડી મૃતક મહિલાના પતિ સંજયભાઈ નાથુભાઈ મુનિયાની ફરિયાદના આધારે ટ્રેકટર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર ટ્રેકટર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

રવિવારે સવારે મોડાસા-હિંમતનગર રોડ પર ઈકો વાન પલટી ખાઈ ઝાડ સાથે અથડાતા અકસ્માતની ઘટનામાં ૭ લોકો ઈજાગ્રસ્ત થતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સના સાયરનથી રોડ ગુંજી ઉઠતા આજુબાજુના ગામલોકો પણ ચિંતિત બન્યા હતા. સદનસીબે જાનહાની ટળી હતી. સંતરામપુરના કડાણા ગામનો પરિવાર વિસનગર લગ્નમાં જઈ પરત ફરી રહ્યો હતો ખુમાપુર પાટિયા નજીક ઈકો કાર પલ્ટી ખાઈ જતા કારમાં સવાર હિમાનીબેન પટેલ, મંજુલાબેન પટેલ, જયમીન પટેલ, યામીન પટેલ, પ્રદીપ પટેલ, રાજેશ પટેલ અને જયાબેન પટેલના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલા લોકોએ તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સને જાણ કરતા બે ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજમાં ઊંઝા ખાતે યોજાનાર લક્ષચંડી મહાયજ્ઞની પત્રિકાઓનુ સ્વાગત કરાયુ

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જગત જનની શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા કડવા પાટીદાર સમાજ આયોજિત લક્ષચંડી મહાયજ્ઞની ''મા નું તેડુ'' પત્રિકાઓનુ ડીજેના તાલે વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ પાટીદાર સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.

ઊંઝા ખાતે આવેલ શ્રી ઉમિયા માતાજી મંદિર કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા તારીખ ૧૮ ડીસેમ્બર થી ૨૨ ડીસેમ્બર સુધી યોજાનાર લક્ષચંડી મહાયજ્ઞની તડામાર તૈયારીઓની સાથે ''મા નું તેડું'' પત્રિકાઓનુ પણ કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થા ઊંઝા દ્વારા પાટીદાર સમાજના ગામે ગામમાનું તેડું પત્રિકાઓનુ આમંત્રણ પાઠવવામાં આવી રહ્યું છે. ત્યારે પ્રાંતિજ પત્રિકાઓ લઈને પત્રિકા કમિટીના સભ્યોમાનુ તેડું પત્રિકાઓ લઈને પ્રાંતિજ મુકામે આવી પહોચ્યા હતા, જયાં પ્રાંતિજ શહેર કન્વિનર રાકેશભાઈ પટેલ, અશોકભાઈ, કેતુલભાઈ, મયુરભાઈ, કમલેશભાઈ પ્રાંતિજ પાટીદાર સમાજના ભાઈ-બહેનો દ્વારા ''મા નું તેડું'' પત્રિકાઓનુ ડીજેના તાલે વાજતેગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું અને મા ની પત્રિકાઓનુ ઉપસ્થિત ભાઈ બહેનો દ્વારા કંકુ ચોખા ફુલહાર પહેરાવીને ''મા નુ તેડુ'' પત્રિકાઓનુ ચિત્રિણી નર્સિંગ કોલેજથી વાજતેગાજતે વરઘોડો કાઢીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આમંત્રણ પત્રિકાઓ લઈને આવેલ જિલ્લામાંથી આવેલ કે.સી. પટેલ, પટેલ મણીકાકા, પટેલ દિનેશભાઈ, વી.આર. પટેલ, મુકેશભાઈ પટેલ, અશોકભાઈ, સુભાષભાઈ પોપટભાઈ, સંજયભાઈ મણીકાકાનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતુ.

ભિલોડામાં માતાજીના નામે ફાળો ઉઘરાવતો ગઠિયો પકડાયો

ભિલોડા,તા.૨૪

ભિલોડામાં હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં શ્રી ઉમિયાનગર સોસાયટી અને માણેકબા સોસાયટીમાં અલગ-અલગ ઘરોમાં માતાજીના નામની પાવતી બનાવી ફાળો ઉઘરાવવાના બહાને ગઠીયો લોકોની નજર ચુકવી રોકડ રકમ, મોબાઈલ ચોરી કરતો ઈસમ ચિઠોડા પોલીસ ધ્વારા પાલ ચેકપોસ્ટ પાસેથી ઝડપાયો હતો. પોલીસએ આરોપીને ઝડપી ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો ચોરીના ગુનાનો નાસતો ફરતો આરોપી ખુબ જ ટુંકા ગાળામાં પોલીસ ધ્વારા ઝડપાયો હતો.

જુદી-જુદી કંપનીના મોબાઈલ ફોન નંગ-૮,ટેબલેટ નંગ-૧ અને રોકડ રકમ રૂા.૬૦૦૦/- કુલ મુદ્દામાલ રૂા.૨૦,૪૦૦/- સહિત ચોર ઈસમ રમેશભાઈ કનુભાઈ વાદી, રહેવાસી. પાલ, વિજયનગર, જી. સાબરકાંઠા વાળા છે. માતાજીના નામે ફાળો ઉઘરાવવાના બહાને પાવતી આપી લોકોને વાતોમાં વ્યસ્ત રાખી નજર ચુકવીને ચોર ઈસમ ધોળા દિવસે રોકડ રકમ, મોબાઈલ સહિત વિવિધ ચીજ વસ્તુઓની ચોરી કરતો હતો.

બાયડના ડેમાઈ ગામે સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી

બાયડ, તા. ૨૪

બાયડ પંથકમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. બાયડ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં દારૂની હાટડીઓ ધમધમી રહી છે. અનેક પરિવારો દારૂના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. બાયડ તાલુકામાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર અંકુશ મેળવી ઠેર ઠેર થઈ રહેલ દેશી-વિદેશી દારૂના વેપલાને રોકવામાં સફળ રહે છે કે નહિ તે જોવું રહ્યું. ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે અરવલ્લી-સાબરકાંઠામાં ધામા નાખ્યા હોય તેમ આંતરે દિવસે ત્રાટકી સફળ રેડ કરતા બંને જીલ્લાની પોલીસ હોંફાળી-ફોંફાળી બની છે.

શનિવારે સાંજે સ્ટેટ મોનીટરીંગ સેલ બાયડ તાલુકાના ડેમાઈ ગામે ત્રાટકી રોડ પરથી ટુ-વિલ્હર પર પસાર થતા બે બુટલેગરોને ઝડપી પાડી તેમની પાસે રહેલા કોથળામાંથી વિદેશી દારૂની બોટલ-ટીન નંગ-૫૨ કીં. રૂ. ૬૩૮૫, દેશી દારૂ ૫ લીટર કીં. રૂ.૧૦૦, મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૧૫૦૦, રોકડ રકમ-૩૧૭૫ બંને ટુ-વિલ્હરની કીં. રૂ૬૫૦૦૦ મળી કુલ રૂ.૭૬૧૬૦ના મુદામાલ સાથે રાજુ સોમાભાઈ ઠાકોર (રહે, ડેમાઈ) તથા બાબુ રમણભાઈ ઝાલા (રહે, આકડીયાના મુવાડા)ની ધરપકડ કરી અન્ય એક ફરાર બાયડના મહેશ જયંતિભાઈ પટેલ નામના શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ગાયત્રી ચેતના કેન્દ્ર મોડાસા ખાતે પ્રથમ વાર્ષિકોત્સવ ઉજવાયો

૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં આહુતિ આપતા અનેક સાધકોએ નવ સંકલ્પ ગ્રહણ કર્યા

જનહિતની ભાવના સાથે અનેક પ્રવૃત્તિઓ, આંદોલનો માટે અવિરત પ્રયત્નશીલ અખિલ વિશ્વ ગાયત્રી પરિવારનું મોડાસા ખાતેનું કેન્દ્ર ગાયત્રી ચેતના કેન્દ્રના નિર્માણ- શુભારંભને એક વર્ષ પૂર્ણ થતાં પ્રથમ વાર્ષિકોત્સવ ઉજવાયો હતો.

૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં આહુતિ આપતા મોડાસા શહેર તેમજ આસપાસના ૩૦ ગામોમાંથી જોડાયેલ અનેક સાધકોએ આ ચેતના કેન્દ્રની દિવ્ય ઉર્જા સાથે જનહિતની ભાવના સાથે અનેક પ્રવૃત્તિઓ ચલાવવા સંકલ્પિત બન્યા.

ગાયત્રી પરિવારના અગ્રણી હરેશભાઈ કંસારાના જણાવ્યાનુસાર ગાયત્રી ચેતના કેન્દ્રની એક વર્ષની યાત્રા દરમિયાન જન જનમાં દેવત્વનો ઉદય હેતુ સદ્વિચારોની ક્રાંતિ માટે અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા, સાથે સાથે વ્યસનમુક્તિ, પર્યાવરણ બચાવો, સ્વચ્છતા અંગેની જાગૃતિ, વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત વૃક્ષોના જતનના કાર્યક્રમો, આઓ ઘડીએ સંસ્કારવાન પેઢી આંદોલન અંતર્ગત ગર્ભધારણ સહિત અનેક સંસ્કાર કાર્યક્રમો, સ્વાસ્થ્ય સંવર્ધન માટે યોગ-વ્યાયામ, યુવા જાગૃતિ, મહિલા જાગૃતિ, ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ભારતની સંસ્કૃતિની જાગૃતિ માટે ગામેગામ શાળા-કોલેજોમાં કાર્યક્રમો, ગામે ગામે અને ઘેર ઘેર યજ્ઞ અને દિપયજ્ઞ આયોજનોના માધ્યમથી માનવ માત્રને માટે સન્માર્ગે ચાલવા પ્રેરણા આપતા લોકશિક્ષણ કાર્યક્રમો, યુવા જાગૃતિ, મહિલા જાગૃતિ જેવા અનેક કાર્યક્રમોના આયોજન આ ચેતના કેન્દ્રના માધ્યમથી ચલાવવામાં આવતા રહ્યા છે.

આ વાર્ષિકોત્સવ ઉજવણી મહાયજ્ઞમાં મંચ પર આવો ઘડીએ સંસ્કારવાન પેઢી આંદોલન અંતર્ગત સંસ્કાર માટે પ્રેરણા આપતી એક લઘુ નાટિકા પણ રજૂ કરવામાં આવી. આ ઉત્સવમાં મોટી સંખ્યામાં જનસમુદાય આહુતિ આપવા જોડાયા. વિશેષમાં ગાયત્રી પરિવારના સમગ્ર ગુજરાત ઝોનલ સંયોજક અશ્વિનભાઈ જાની, અમદાવાદ ઉપઝોન સંયોજક જયેશભાઈ બારોટ, જીલ્લા સંયોજક મનહરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર યજ્ઞ સંચાલન ચંદ્રકાન્તભાઈ પંડ્યાએ કર્યું હતું. ગાયત્રી પરિવારના ભાઈઓ બહેનોએ આ ઉત્સવને સાકાર કરવા અનેક દિવસ અગાઉથી જહેમત ઉઠાવી હતી.

ડીસામાં દેશી દારૂ સાથે એકની અટકાયત

ડીસામાં વિદેશી દારૂ સાથે દેશી દારૂનું પણ ધૂમ વેચાણ થાય છે. રાજસ્થાનથી મોટા પાયે વિદેશી દારૂ બોર્ડર મારફત ડીસા સહિત રાજ્ય ભરમાં સપ્લાય થાય છે, જોકે વિદેશી દારૂની સાથે દેશી દારૂ પણ ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પાયે ગાળવામાં આવે છે અને શહેરી વિસ્તારમાં તે વેચવામાં આવે છે. જો કે દક્ષિણ પોલીસ મળેલ બાતમી આધારે નાઈટ પેટ્રોલિંગમાં હટી તે દરમિયાન એક અજાણ્યો શખ્સ પોતાના મોટરસાયકલ ઉપર દેશી દારૂ લઈ જતો પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો જેની પૂછપરછમાં તે સામઢી મોટાવાસ ખાતે રહેતો બદસિહ સંગ્રામસિંહ સોલંકી હોવાનું બહાર આવતા તેની વિરુદ્ધ દક્ષિણ પોલોસે પ્રોહીબિશન એકટ મુજબ ગુનો નોંધી ૪૫ લીટર દારૂ અને બાઈક મળી ૧૫૯૦૦નો મુદ્દામાલ કબ્જે કરી જેલ હવાલે કરી દીધો હતો.

ભિલોડાના માંકરોડા પાસેથી કતલખાને લઈ જવાતા પશુઓ પોલીસ ધ્વારા ઝડપાયા

ભિલોડા,તા.૨૪

ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ માંકરોડા ગામ પાસેથી કતલખાને લઈ જવાતા પશુઓ પોલીસ ધ્વારા ઝડપાયા હતા.કતલખાને લઈ જવાતા પશુઓની કિંમત રૂા.૨૫, ૦૦૦/-, પીકઅપ ડાલાની કિંમત રૂા.૨, ૦૦, ૦૦૦/- કુલ મુદ્દામાલની કિંમત રૂા.૨, ૨૫, ૦૦૦/- સાથે સાથે પશુઓની હેરાફેરી કરનાર ઈસમને ઝડપી પોલીસએ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. રમીલાબેનના જણાવ્યા મુજબ લક્ષ્મણભાઈ શંકરભાઈ વણઝારાનું પીકઅપ ડાલા નંબર.જી.જે.૨૪.વી.૩૯૫૮ માં પરમીટથી વધુ રસ્સાથી કસોકસ બાંધી ઘાસ ચારો કે પાણીની વ્યવસ્થા રાખ્યા વગર મરણતોલ હાલતમાં ખીચોખીચ પશુઓ બાંધી જેમાં ૨ ભેંસો, ૧ જીવીત પાડો, ૧ મરણ ગયેલ હાલતમાં પાડો પીકઅપ ડાલામાં ભરીને કતલખાને લઈ જવાતા હોઈ તે દરમ્યાન પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન પશુઓને બચાવી લેવાયા હતા. પોલીસ અ.હે.કો. અનિલકુમારએ લક્ષ્મણભાઈ વણઝારા વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરામાં નગરપાલિકાએ વાવેલા વૃક્ષોનો નાશ કર્યો : ઈસમ સીસીટીવી કેદ

ધાનેરા નગરપાલિકાના શોપિંગ આગળ એક વૃક્ષ નું નાશ કરતા અન્ય લોકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે અને પાલિકા તંત્ર વૃક્ષોનો નાશ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તેવી લોકમાંગ ઉઠવા પામી રહી છે.

ધાનેરા નગરપાલિકા દ્વારા ત્રિકોણીય શોપિંગ બનાવવાની આવ્યું છે અને ત્રિકોણીય શોપિંગની આગળ વૃક્ષો વાવવામાં આવ્યા હતા વૃક્ષો અત્યારે મોટા મોટા થયા છે અને એ વૃક્ષો નીચે લોકો તેમજ અબોલ પશુઓ બેસે છે અને આ વૃક્ષ પરથી શોપિંગની શોભા પણ વધી રહી છે ત્યારે ગતરાત્રે એક ઈસમે એક વૃક્ષોનો નાશ કરતા ચકચાર મચી જવા પામી છે અને દિવસે લોકોએ વૃક્ષ નાશ પામેલી હાલતમાં જોતા લોકોનો રોષ ભભૂકી ઉઠયો હતો અને લોકોએ પાલિકા તંત્રને જાણ પણ કરી હતી તો બીજી તરફ વૃક્ષોનો નાશ કરવા ઓનર વ્યક્તિ સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતાં લોકો લોકો ઈચ્છી રહ્યા છે કે પાલિકાના સત્તાધીશો સીસીટીવી ફૂટેજ મેળવી સામે કાયદેસરની કાર્યવાહી કરે.

ધાનેરામાં રોહિત સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ

ધાનેરામાં આવેલી ડીબી પારેખ હાઈસ્કુલ ખાતે રોહિત સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ઉચ્ચ ટકાવારી મેળવનાર તમામ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી સરકારી નોકરી પ્રાપ્ત કરનાર લોકોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં સંતો મહંતો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.